


ગોવામાં 'પશ્ચિમ ભારતનું પૌરાણિક સાહિત્ય' વિષય પરના સેમિનારનું દીપ પ્રાગટ્ય કરતા અગ્રણીઓ.

# ગોવાના સેમિનારમાં કચ્છની માન્યતા રજૂ કરાઇ

ભુજ, તા. ૨૪ : 'પશ્ચિમ ભારતનું પૌરાણિક સાહિત્ય' વિષય પર ધ ઇન્ટરનેશનલ સેન્ટર ડોના પાઉલા ગોવા ખાતે બે દિવસીય રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાયો હતો.

કેન્દ્રીય સાહિત્ય અકાદમી, સેન્ટર ફોર સ્ટડી ઓફ માયથોલોજી એન્ડ કલ્ચર ગોવા તથા કલા સંસ્કૃતિ નિર્દેશાલય ગોવાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં ગુજરાતી, મરાઠી, કોંકણી અને સિંધી ભાષાના સંશોધકોએ સંશોધન નિબંધો રજૂ કર્યા હતા.

કચ્છમાંથી કલાધર મુતવાએ પોતાનો નિબંધ રજૂ કર્યો હતો. જેને ત્યાં ઉપસ્થિત સાહિત્યકારો તેમજ સાહિત્ય રસિકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. કલાધર મુતવાએ તેમના નિબંધમાં વિષયને અનુરૂપ કચ્છ

## પશ્ચિમ ભારતનું પૌરાણિક સાહિત્યના સેમિનારમાં કચ્છના કલાધર મુતવાએ નિબંધ રજૂ કર્યા

અને સિંધમાં પ્રવર્તતી માન્યતા બાબતે વાત રજૂ કરી હતી.

દીપ પ્રાગટ્ય બાદ સાહિત્ય અકાદમીના સચિવ કે શ્રીનિવાસરાવે સ્વાગત પ્રવચન કર્યું હતું. બીજું વક્તવ્ય સુપ્રસિદ્ધ માનવ વિજ્ઞાનશાસ્ત્રી ભક્ત વત્સલ રેડ્ડીએ કર્યું હતું. જ્યારે અધ્યક્ષીય પ્રવચન ભૂષણ ભાવે કર્યું હતું.

જુદા જુદા સાહિત્યકારો દ્વારા બાર નિબંધો રજૂ કરાયા હતા. ચર્ચકો દ્વારા પુછાયેલા પ્રશ્નોના જવાબ નિબંધ વાચકો દ્વારા અપાયા હતા. ગુજરાતમાંથી ડો. વિનોદ જોશી, ડો. હસુ યાજ્ઞિક, ડો. પરમ પાઠક, આશા ગોહિલ તેમજ કલાધર મુતવાએ ભાગ લીધો હતો. બધા જ નિબંધ વાચકોને સર્ટિફિકેટ તેમજ સ્મૃતિચિહ્ન આપીને સન્માનવામાં આવ્યા હતા. આભારવિધિ સાહિત્ય અકાદમી મુંબઇના ઇન્ચાર્જ અધિકારી ઓમ નાગરે કરી હતી.

ડો. ફલદેસાઇ, ડો. નંદની કામત તેમજ માયથોલોજી સેન્ટરના અન્ય પદાધિકારીઓએ વ્યવસ્થા સંભાળી હતી.